**વી. એસ. ગણેશવાલા**

**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**
**વાટીકા ટાઉનશીપ સામે,**
**ડુંભાલ,સુરત.**
**ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪**

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ/૭૪૬૩
તારીખ : ૨૦/૧૧/૨૦૨૫

**–:સંમતિ પત્રકઃ–**

**પ્રતિ,**

**વિષયઃ–** સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ટી.પી. સ્કીમ નં.૪૧ (ડીંડોલી) વિસ્તારમાં આવેલ આંગણવાડીઓમાં વોલ પેઈન્ટીંગ(બાલા પેઈન્ટીંગ) કરવાનું કામ.

**સંદર્ભઃ**–(૧) સ્થા. સમિતિ ઠરાવ નં.૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨ થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે.
(૨) મા. ડે. કમિશ્નરશ્રી ની તા. ૧૮/૧૧/૨૦૨૫ ના રોજની મંજુરી.

**મહાશય,**

ઉપરોકત વિષયના કામે સંદર્ભ–૧ માં જણાવ્યા અનુસાર સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ટી.પી. સ્કીમ નં.૪૧ (ડીંડોલી) વિસ્તારમાં આવેલ આંગણવાડીઓમાં વોલ પેઈન્ટીંગ(બાલા પેઈન્ટીંગ) કરવાના કામે મા.ડે.કમિશ્નરશ્રીની તા. ૧૮/૧૧/૨૦૨૫ ની મંજુરીથી આ અગાઉ મંજુર કરવામાં આવેલ સ્થા.સમિતિ ઠરાવ નં.૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨ થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે રકમ **રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ.(GST સહિત)** ની મર્યાદામાં સદરહુ કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, આપનું સંમતિપત્રક તા.૨૯/૧૧/૨૦૨૫ સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

**–: શરતો :–**

૧.અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે ૧.૦૦% પ્રમાણે રૂા.૫,૦૦૦. ૦૦ પૈ. આપવાના રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે સમાન કાર્યો સફળતા પૂવર્ક પૂર્ણ કર્યાનો અનુભવનાં સર્ટીફીકેટ(ફોર્મ –૩(A)) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૭. સ્થા. સમિતિ ઠરાવ નં.૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨ થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે ટેન્ડરના પ્રાઇઝ બીડ અને ટેકનીકલ બીડની શરતોને ઇજારદારશ્રી બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધા જ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રેહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૩. આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦(દસ) પુરા થયેથી ૧૨(બાર) માસની ગણવાની રહેશે.

-SD-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૬–૧–૨૦૨૨ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૪–૧–૨૦૨૨ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૦૨૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો ધ્વારા શહેરીજનોમાં જાગૃતિ કેળવાય તે અર્થે વિવિધ પ્રકારના પેમ્ફલેટ વિતરણ, હોર્ડિંગ્સ, સ્ટેન્ડી, રેલીના માધ્યમથી કરવામાં આવતી આઈ.ઈ.સી. એકટિવીટીઓ અન્વયે આઈ.ઈ.સી. મટીરીયલના ડીઝાઈન, પ્રિન્ટીંગ, સપ્લાય અને ડીલીવરી વિગેરેની ત્રણ વર્ષની કામગીરી રેઈટ કોન્ટ્રાકટથી સોંપવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૧૦ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૫ ટેન્ડરો અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, આ કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(અ) આ કામે નીચે પરિશિષ્ટ–અ માં જણાવ્યા મુજબની જુદી જુદી એકટીવીટીઓના તેની સામે જણાવેલ ભાવને ૩(ત્રણ) વર્ષ માટે યુનિટ રેઈટ તરીકે મંજુર કરવામાં આવે છે.

<u>પરિશિષ્ટ–અ</u>

| અનુ. નં. | એકટીવીટીની વિગત | યુનિટ | ભાવ પ્રતિ યુનિટ રૂા. (જીએસટી સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **Hoarding Printing and Mounting** | | | |
| ૧ | Hoarding Printing and Mounting | Sq.ft. | 16.50 |
| **Banners** | | | |
| ૧ | Flex Banner (Any size 240 gsm) | Sq.ft. | 8.50 |
| ૨ | "Flex banner with MS (Mild Steel) framing (Any Size 240 gsm (Pipe Size 25x25x1.5mm) | Sq.ft. | 53.10 |
| ૩ | Cloth Banner (Up to 8 x 4 Feet 140 gsm) | Sq.ft. | 23.60 |
| ૪ | Cloth Banner with MS (Mild Steel) framing (Up to 8 x 4 Feet 140 gsm (Pipe Size 25x25x1.5mm) | Sq.ft. | 65.00 |
| ૫ | Cloth Banner with Wooden stick at both end for rally display (Any Size 140 gsm) | Sq.ft. | 32.85 |
| **Standee** | | | |
| ૧ | Cloth banner standee (Any Size 140 gsm Pipe Size 25x25x1.5mm) | Sq.ft. | 69.50 |
| **Wall Painting** | | | |
| ૧ | Decorative wall paintings with designing, painting at place with all necessary materials | Sq.ft. | 63.00 |

૨...

Scanned with OKEN Scanner

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨ | Slogan writing on walls designing, painting at place with all necessary materials | Sq.ft. | 32.00 |
| **Certificate** | | | |
| ૧ | Glossy Certificate A4 size paper with 250 gsm | Nos. | 7.00 |
| ૨ | Glossy Certificate with decorative framing (front Glass and frame) A4 size paper with 250 gsm | Nos. | 125.00 |
| **Trophy** | | | |
| ૧ | Acrylic trophy with designing (Any Size with 6 mm) | Sq.inch | 7.00 |
| **Sticker** | | | |
| ૧ | Wall Vinyl Sticker | Sq.ft. | 28.00 |
| ૨ | Eco Solvent Vinyl Sticker (120 gsm) with Lamination (100 gsm) | Sq.ft. | 38.00 |
| ૩ | Solvent Vinyl Sticker (120 gsm) with Lamination (100 gsm) | Sq.ft. | 22.00 |
| ૪ | 5 mm PVC Sheet Eco Vinyl (Any Size) | Sq.ft. | 55.46 |

(બ) આ કામગીરી કરાવવા માટે નીચે પરિશિષ્ટ–બ માં જણાવ્યા મુજબની ક્વોલીફાય એજન્સીઓ અથવા આ કામગીરીના અનુભવી અન્ય એજન્સીઓ મંજુર યુનિટ રેઈટ મુજબ કામગીરી કરવા સંમત થાય તો તેઓ પાસે સંમતિ મેળવી કામગીરી કરાવવી.

<u>પરિશિષ્ટ–બ</u>

| અનુ.નં. | એજન્સીઓના નામ |
|---|---|
| ૧ | Ashish A.Painter |
| ૨ | Kamnath Mudralaya Pvt.Ltd |
| ૩ | Milan Publicity |
| ૪ | Savita Offset |
| ૫ | Shah Publicity |

(ક) ઉપરોક્ત મુદ્દા નં.(અ) અને (બ) અન્વયે એજન્સી સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**ઠરાવ નં.૪૮/૨૦૨૨ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ડે.મ્યુ.કમિશનર
અને
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૭-૧-૨૦૨૨.

HDP.

Scanned with OKEN Scanner

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૩–૭–૨૦૨૫ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૩–૭–૨૦૨૫ ના પત્ર નં.સી.સ્થા.સ./૩૪૮ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકાના જુદા–જુદા વિભાગો/ઝોન ધ્વારા શહેરીજનોમાં જાગૃતિ કેળવાય તે અર્થે વિવિધ પ્રકારના પેમ્ફલેટ વિતરણ, હોર્ડિંગ્સ, સ્ટેન્ડી, રેલીના માધ્યમથી કરવામાં આવતી IEC એકટિવીટી, વોલ પેઈન્ટીગ, વોલ સ્લોગન અન્વયે IEC મટીરીયલના ડીઝાઈન, પ્રિન્ટીગ, સપ્લાય અને ડીલીવરી વિગેરેના કામો માટે સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૮/૨૦૨૨, તા.૬–૧–૨૦૨૨ થી મંજુર કરવામાં આવેલ યુનિટ રેઈટને તા.૬–૧–૨૦૨૫ થી વધુમાં વધુ ૧૨ માસ માટે અથવા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ યુનિટ રેઈટ નકકી થાય તે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધી લંબાવવાનું મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નં.૧૨૨૬/૨૦૨૫ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

Sonje.n.p.
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૦૪–૭–૨૦૨૫.

HIMANSHU.

Scanned with OKEN Scanner